**આરબીઆઈ/2004/227**
યૂબીડી.એન ઓ.યૂ બીડી. બીપીડી. પીસીબી. સર. 48 /09.161.00/2003-04

29 મે, 2004

દરેક પ્રાયમરી (અર્બન) કો-ઓપરેટીવ બેન્કોના
ચીફ એકિઝકયુટિવ ઓફિસર્સ

સ્નેહી શ્રી,

<u>"નો યોર કસ્ટમર" માર્ગદર્શિકા - અનુમોદન</u>

તા. સપ્ટેમ્બર, 18 2002 નું સકર્યુલર યૂબીડી ક્રમાંક ડીએસ. પીસીબી સર 17/13.01.00/2002-03 મુજબ અર્બન કો-ઓપરેટીવ બેન્કસે ખાતુ ખોલતી વખતે અનુસરવાની " નો યોર કસ્ટમર" (તમારા ગ્રાહકને જાણો) માર્ગદર્શિકા વાંચી જવા વિનંતી.

2. પ્રોસિજર એન્ડ પર્ફોર્મન્સીસ ઓડિટ ઓન પબ્લિક સર્વિસ કમિટિના વડા શ્રી એસ એસ. તારાપોરે નિરીક્ષણ કર્યું છે કે ગ્રાહકો પાસેથી લેવામાં આવતી માહિતી બેન્ક દ્વારા વિવિધ અપાતી સેવાના વ્યવહાર દરમિયાન ઉપયોગી છે, પરંતુ કયારેક આ માહિતી અન્ય એજન્સીઓને આપવામાં આવે છે. ગ્રાહક દ્વારા અપાતી માહિતીનો ઉપયોગ કેવાયસી (નો યોર કસ્ટમર) માટે છે. ખાતું ખોલાવતી વખતે ગ્રાહક વિશેની માહિતી ગુપ્ત રાખવાની હોય છે તે ફકત ગ્રેસ સેલિંગ માટે છે. આથી અર્બન સહકારી બેન્કોને સૂચવવામાં આવે છે કે તે પોતાની શાખાઓને કડક સૂચના આપે કે ગ્રાહક વિશેની માહિતી ગુપ્ત રાખવામાં આવે.

3. કે વાય સી ની જરૂરિયાત માટે ગ્રાહક પાસેથી માહિતી લેવાતી ન હોય ત્યારે આ બાબતોને ખાતું ખોલવાના ફોર્મમાં દર્શાવેશ નહીં. આવી માહિતી અલગથી લેવાની રહેશે અને તે પણ ગ્રાહકની પોતાની મરજી મુજબની હશે. આ માટે બેન્કે ગ્રાહકને હેતુ સમજાવી તેની સંમતિ સાથે માહિતી લેવાની રહેશે. તેનો ઉપયોગ કરવા માટે ગ્રાહકની મંજૂરી જરૂરી ગણાશે.

4. બેન્કોને સૂચવવામાં આવે છે કે આ બાબતે બોર્ડ / એડમિનિસ્ટ્રેટર દ્વારા પરિક્ષણ કરવામાં આવે. જરૂરી સૂચનાઓ તેની શાખાઓને મોકલવી.

5. અમારી રિજિયોનલ ઓફિસે રસીદ મોકલવી.

આપનો વિશ્વાસુ,

(એસ. કારૂપાસામી)
કાર્યકારી મૂખ્ય મહાપ્રબંધક